Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 11, Issue 1, June 2025
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# સરકારી અને બિન સરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ

**મિહિરકુમાર કિરણભાઇ પટેલ**
પી.એચ.ડી. સંશોધનકર્તા,
મનોવિજ્ઞાન વિભાગ,
શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી, વિંઝોલ

**ABSTRACT**

દરેક માણસને પોતે જે સ્થિતિમાં હોય એના કરતાં આગળ વધવાની તમન્ના હોય છે. ખાસ કરીને બાળપણ, તરુણાવસ્થામાં, યુવાવસ્થામાં અને આધેડ વયમાં પ્રગતિ કરવાની જરૂરિયાત વ્યક્તિના મનમાં સ્પષ્ટ હોય છે કારણ કે અંતે તો વ્યક્તિના જીવનનું ધ્યેય સફળતા મેળવી એવુ જ હોય છે. આ જરૂરિયાતને જ સિદ્ધિપ્રેરણા કહેવામાં આવે છે.

સિદ્ધિપ્રેરણા માટેનો અંગ્રેજી શબ્દ 'Achievement Motivation' છે. વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રની પ્રગતિના મૂળમાં સિદ્ધિપ્રેરણા રહેલી છે. સિદ્ધિ માટેની પ્રેરણા જેટલી ઊંચી તેટલી વિકાસની શક્યતા વધારે. સિદ્ધિપ્રેરણાનો વિચાર હાવર્ડ યુનિવર્સિટીના મેકલેન્ડરે આપ્યો છે. આથી જ મેકલેન્ડરને સિદ્ધિપ્રેરણાના જનક કહેવામાં આવે છે. તેમના મત મુજબ જોખમ ખેડનારા, આર્થિક ક્ષેત્રને ઘડનારા સંચાલકો વગેરે સિદ્ધિનીપ્રેરણાને કારણે જ કાર્ય કરતા હોય છે. આવા લોકો ધન કે નફાના સ્થાને સિદ્ધિ અને સફળતા મેળવવાની ઈચ્છાથી કાર્ય કરે છે. સિદ્ધિપ્રેરણા માનવ વિકાસમાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. વ્યવસાયિક સિદ્ધિ પ્રાપ્ત કરનારા રમતવીરો, વૈજ્ઞાનિકો, કલાકારો અને ઉદ્યોગપતિઓમાં સિદ્ધિની તીવ્ર પ્રેરણા જોવા મળે છે. દા.ત., ધીરુભાઈ અંબાણી, ડૉ. એ.પી.જે અબ્દુલ કલામ જેવી મહાન વ્યક્તિઓ સામાન્ય કુટુંબમાંથી આવતી હોવા છતાં પોતાના ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

**કીવર્ડ્સ:** સિદ્ધિપ્રેરણા, વ્યવસાયિક સિદ્ધિ, શૈક્ષણિક સિદ્ધિપ્રેરણા, વિદ્યાર્થીઓ

મેક્લેન્ડરે જણાવ્યું છે કે સિદ્ધિપ્રેરણા એ તો શ્રેષ્ઠતા તરફ દોરી જનાર શ્રેષ્ઠ ભૂમિકા છે, એટલે કે તેના દ્વારા એવો સમાજ ઘડાય છે કે જે સમાજમાં વ્યક્તિનું લક્ષ સાહસિકતા, પ્રવૃત્તિશીલતા, શ્રેષ્ઠતા તરફ હોય.

સિદ્ધિપ્રેરણાની કેટલીક મહત્વની વ્યાખ્યાઓ આ પ્રમાણે છે:

- વ્યક્તિની ધ્યેય સિદ્ધિ સાથે સંકળાયેલી પ્રેરણાને સિદ્ધિપ્રેરણા કહેવામાં આવે છે.
- ગુણવત્તાના મૂલ્યો સાથે હરિફાઈમાં મૂકી શકાય એ રીતે કાર્ય કરવા માટેના વિચારોની ગોઠવણીનું સાતત્ય.
- શ્રેષ્ઠતાની વિશેષ કક્ષા કે સ્તર પ્રાપ્ત કરવાની વ્યક્તિની ઈચ્છા એટલે સિદ્ધિપ્રેરણા.
- “Achievement motivation is defined in terms of the way an individual orient himself towards the object of conditions that he does not possess. If he values those objects and conditions and he feels that he ought to possess them, he may be regarded as having an achievement motive.

આવી વ્યક્તિઓ જે તે ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા માગતી હોય છે. દરેક વ્યક્તિમાં સિદ્ધિપ્રેરણાની માત્રા સરખી હોતી નથી. મેકલેન્ડર તથા એટકીન્સન (1963) ના અભ્યાસો દર્શાવે છે કે, સિદ્ધિપ્રેરણામાં વ્યક્તિ-વ્યક્તિમાં તફાવતનું મુખ્ય કારણ બાળ ઉછેરમાં રહેલું છે. બાળપણમાં માતા પિતા દ્વારા આપવામાં આવેલ સ્વતંત્રતા તેમજ તાલીમની મોટી અસર આ પ્રકારના પ્રેરણાના વિકાસ પર પડે છે. જે માતા-પિતા બાળકને રમવા જવા માટે, કોઈ ચીજ વસ્તુની ખરીદી કરવા માટે, કોઈ પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે જો સ્વતંત્રતા આપશે તો આવા બાળકો પરાધીન ન રહેતા સ્વતંત્ર રીતે કાર્ય કરતાં શીખે છે અને પુખ્ત વયે આવા બાળકોમાં સિદ્ધિપ્રેરણાનું પ્રમાણ ઊંચું જોવા મળે છે.

❖ **<u>મેકલેન્ડે તારવેલા સિદ્ધિ પ્રેરણ વ્યક્તિના લક્ષણો:</u>**

- શ્રેષ્ઠતાના ધોરણો સાથે હરિફાઈ
- અદ્વિતીય સફળતા
- લાંબા ગાળાના પ્રયાસો
- નવીનતા
- લક્ષ પ્રાપ્તિ માટેની જાણ
- ગણતરીપૂર્વક જોખમ લેવાની ટેવ
- સ્વતંત્રતા

- જવાબદારી પોતાના શિરે લેવી

આમ આ રીતે સિદ્ધિપ્રેરણા એ માનવ જીવનમાં મહત્વનો ભાગ ભજવે છે.

❖ **પૂર્વ સંશોધનની સમીક્ષા:**

(1) પટેલ સૈમીનકુમાર (2015) એ ધોરણ 10 ના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કર્યો હતો. જેનો હેતુ ધોરણ 10 ના વિદ્યાર્થીઓમાં જાતિના આધારે સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવા અંગેનો હતો. મહેસાણા જિલ્લાના કડી તાલુકાની 40 માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ 10 ના 10,920 વિદ્યાર્થીઓને નમુનામાં પસંદ કર્યા હતા. ડૉ. અશ્વિનભાઈ જનસારી રચિત સિદ્ધિપ્રેરણા સંશોધનિકા દ્વારા સિદ્ધિપ્રેરણાનું માપન કરવામાં આવ્યું હતું. માહિતીના વિશ્લેષણ માટે પ્રમાણિત વિચલન, t ગુણોત્તર વગેરે પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના મહત્વના તારણોમાં છોકરા તથા છોકરીઓમાં સિદ્ધિપ્રેરણા સમાન છે એટલે કે વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા પર જાતિની અસર જોવા મળતી નથી.

(2) ગોગાઈ મિનારામ (2023) એ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં તણાવ અને ખુશીનો અભ્યાસ કર્યો હતો. જેનો હેતુ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિપ્રેરણાનું માપન કરવાનું હતું. આસામ રાજ્યના માજુલી જિલ્લાની માધ્યમિક શાળા માંથી 945 વિદ્યાર્થીઓની પસંદગી કરી, જેમાં સરકારી માધ્યમિક શાળાના 687 અને બિનસરકારી માધ્યમિક શાળાના 258 વિદ્યાર્થીઓની નમૂના તરીકે પસંદગી કરી હતી. ટી.આર.શર્મા (2012) દ્વારા રચિત સિદ્ધિપ્રેરણા કસોટી દ્વારા સિદ્ધિપ્રેરણાનું માપન કરવામાં આવ્યું હતું. માહિતીના વિશ્લેષણ માટે t ટેસ્ટ, ANOVA અને સહ સંબંધની Product Moment Method વગેરે પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના મહત્વના તારણોમાં સરકારી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ કરતાં બિનસરકારી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિની પ્રેરણાનું સ્તર વધુ જોવા મળ્યું હતું તથા છોકરીઓ કરતાં છોકરાઓમાં શૈક્ષણિક સિદ્ધિનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

❖ **સંશોધનનો હેતુ:**

1. સરકારી અને બિનસરકારી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવો.

2. છોકરા અને છોકરીઓમાં સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવો.

❖ **સંશોધન પદ્ધતિ:**

**(અ) પરિવર્ત્ય:**

1. સ્વતંત્ર પરિવર્ત્ય
   - જાતિ- છોકરા અને છોકરી
   - શાળા- સરકારી અને બિન સરકારી
2. આધારિત પરિવર્ત્ય
   - સિદ્ધિપ્રેરણા

**(બ) ઉત્કલ્પના:**

પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્ર પરિવર્ત્ય ધ્યાનમાં રાખીને નીચે મુજબ શૂન્ય ઉત્કલ્પના બાંધવામાં આવી છે:

H01: સરકારી અને બિનસરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં સિદ્ધિપ્રેરણા ના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નથી.

H02: છોકરા અને છોકરીઓમાં સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નથી.

**(ક) વ્યાપવિશ્વ અને નમૂનો:**

**વ્યાપ વિશ્વ:**

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપ વિશ્વ તરીકે સુરત જિલ્લાની સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને લેવામાં આવ્યા હતા.

**નમુનો:**

કોષ્ટક 1

| | શાળાનો પ્રકાર | | |
|---|---|---|---|
| જાતિ | સરકારી | બિનસરકારી | કુલ |
| છોકરાઓ | 30 | 30 | 60 |
| છોકરીઓ | 30 | 30 | 60 |
| | 60 | 60 | 60 |

ઉપરોક્ત કોષ્ટકમાં સરકારી માધ્યમિક શાળામાં ભણતા 30 છોકરાઓ અને 30 છોકરીઓ તથા બિન સરકારી માધ્યમિક શાળામાં ભણતા 30 છોકરાઓ અને 30 છોકરીઓ એમ કુલ 120 વિદ્યાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

કોષ્ટક 2

પ્રસ્તુત અભ્યાસમાં 2x2 ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

| | A | |
|---|---|---|
| B | $A_1$ | $A_2$ |
| $B_1$ | $A_1B_1$ | $A_2B_2$ |
| $B_2$ | $B_2A_1$ | $A_2B_2$ |

ઉપરોક્ત કોષ્ટકમાં રહેલ વિગતોને આ મુજબ દર્શાવવામાં આવે છે.

A = શાળાનો પ્રકાર B = જાતિ

$A_1$ **= સરકારી શાળા** $B_1$ **= છોકરાઓ**

$A_2$ = બિનસરકારી શાળા $B_2$ = છોકરીઓ

- **સાધન સામગ્રી:**

અહીં માહિતીનું એકત્રીકરણ કરવા માટે 38 પ્રશ્નો વાળી ટી. આર. શર્મા દ્વારા 1986 માં રચિત સિદ્ધિપ્રેરણા કસોટી નો ઉપયોગ થયેલ છે.

- **વિશ્વસનીયતા:**

અર્ધવિભાજન પદ્ધતિ દ્વારા વિશ્વસનીયતા = 0.70

કસોટી પુનઃ કસોટી દ્વારા વિશ્વસનીયતા B = 0.795

G = 0.807

- **યથાર્થતા:**

પ્રસ્તુત કસોટીની યથાર્થતા નક્કી કરવા 40 નિષ્ણાંતોના મંતવ્ય લેવામાં આવ્યા હતા, જેઓ સહમત છે.

- **પ્રક્રિયા અને અર્થઘટન:**

પ્રસ્તુત સંશોધનનો હેતુ સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવા અંગેનો હતો. જે માટે માહિતી એકત્રિત કરવા સુરત જિલ્લાની બે સરકારી માધ્યમિક શાળાઓ જેમાં ટી.& ટી.વી. સાર્વજનિક હાઇસ્કુલ, નાનપુરા અને જી.& જી.વી. કડીવાલા એન્ડ એમ.વી. બુનકી સાર્વજનિક હાઈસ્કુલ, સગરામપુરા તથા બે બિનસરકારી માધ્યમિક શાળાઓમાં સહજાનંદ વિદ્યાધામ, યોગીચોક અને સરસ્વતી વિદ્યા સંકુલ, યોગી નગરના વિદ્યાર્થીઓનો નિદર્શ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક શાળામાંથી 30 વિદ્યાર્થીઓની પસંદગી યાદચ્છ રીતે કરવામાં આવી હતી. તેથી અહીં નમૂના પસંદગીની યાદચ્છિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓને ટી.આર શર્મા દ્વારા રચિત શૈક્ષણિક સિદ્ધિ કસોટી આપી હતી જેમાં કુલ 38 વિધાનોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં પ્રશ્ન દીઠ બે વિકલ્પો છે. જેમાંથી વિદ્યાર્થીઓએ પોતાની દ્રષ્ટિએ જે યોગ્ય લાગે તે ઉત્તર પસંદ કરવાનો છે તેવી સૂચના આપવામાં આવી હતી. આ રીતે દરેક શાળામાંથી યાદચ્છ રીતે વિદ્યાર્થીઓની પસંદગી કરી કુલ 120 પ્રશ્નાવલી ભરાવવામાં આવી હતી.

પ્રાપ્ત થયેલી માહિતીને આધારે ગણતરી કરી અંતમાં t કસોટી, S.D. (પ્રમાણિત વિચલન) તથા મધ્યક (M) ને આધારે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

❖ **આંકડાકીય ગણતરી:**

પ્રસ્તુત અભ્યાસમાં લીધેલા નિદર્શને આધારે ગણતરી કરવા માટે મધ્યક (M), પ્રમાણિત વિચલન (SD) તથા t ગુણોત્તર જેવી પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેને 0.05 સાર્થકતાના સ્તરે તપાસીને ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી છે.

❖ **પરિણામ કોષ્ટક:**

**કોષ્ટક 1: સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં જોવા મળતી સિદ્ધિપ્રેરણામાં મધ્યક (M), પ્રમાણિત વિચલન (SD) તથા t ગુણોત્તરનું મૂલ્ય દર્શાવતું કોષ્ટક**

| જૂથ | કુલ સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન (SD) | t મૂલ્ય | Sign. |
|---|---|---|---|---|---|
| સરકારી | 60 | 24.72 | 5.62 | 5.67 | 0.05 |
| બિનસરકારી | 60 | 29.2 | 3.93 | | |

df=118, 0.05 level of sign. =1.98

કોષ્ટક નં. 1 જોતા જણાય છે કે, સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં સરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો મધ્યક 24.72, તેનું પ્રમાણિત વિચલન 5.62 જોવા મળે છે, જ્યારે બિનસરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો મધ્યક 29.2, તેનું પ્રમાણિત વિચલન 3.93 છે. આ બંને જૂથ વચ્ચેનો t ગુણોત્તર 5.67 છે. 0.05 સાર્થકતાની કક્ષાએ જોતા સાર્થક તફાવત જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં રચવામાં આવેલ HO1 માં સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળામાં ભણતા પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. અહીં શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. જેનું કારણ એ હોઈ શકે છે કે સરકારી અને બિનસરકારી શાળાના વિદ્યાર્થીઓમાં શિક્ષણ,

અભિરુચિ, વ્યક્તિગત પસંદગીઓ, વિદ્યાર્થીઓની સમસ્યા, કાર્યની બાબતો તથા વિદ્યાર્થીઓની સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં તફાવત હોઈ શકે છે.

**કોષ્ટક 2: સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓમાં જોવા મળતી સિદ્ધિપ્રેરણામાં મધ્યક, પ્રમાણિત વિચલન અને તે મુજબ દર્શાવતું કોષ્ટક**

| જૂથ | કુલ સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન (SD) | t મૂલ્ય | Sign. |
|---|---|---|---|---|---|
| **છોકરાઓ** | 60 | 26.35 | 5.23 | 1.27 | N/S |
| **છોકરીઓ** | 60 | 27.57 | 5.36 | | |

df=118, 0.05 level of sign. =1.98

કોષ્ટક નં. 2 માં જોતા જણાય છે કે સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓનો મધ્યક 26.35, તેનું પ્રમાણિત વિચલન 5.23 જોવા મળે છે જ્યારે છોકરીઓનો મધ્યક 25.57, તેનું પ્રમાણિત વિચલન 5.36 છે. આ બંને જૂથ વચ્ચેનો t ગુણોત્તર 1.27 છે, 0.05 સાર્થકતાની કક્ષાએ જોતા સાર્થક તફાવત જોવા મળતો નથી.

પ્રસ્તુત અભ્યાસમાં રચવામાં આવેલ HO2 માં માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓમાં શૈક્ષણિક સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. અહીં શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે, તેથી કહી શકાય કે માધ્યમિક શાળામાં ભણતા છોકરા તથા છોકરીઓના શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

❖ **અભ્યાસના તારણો:**

1. સરકારી તથા બિનસરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળે છે.

2. સરકારી તથા બિનસરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના શૈક્ષણિક સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

❖ **સંશોધનની મર્યાદા:**

કોઈપણ સંસાધનના તારણો અને વ્યવહારિક રીતે ઉપયોગ કરતા પહેલાં તેની મર્યાદા જાણી લેવી જરૂરી છે.દરેક સંશોધનમાં કોઈકને કોઈક મર્યાદાઓ રહેલી છે, પ્રસ્તુત અભ્યાસની કેટલીક મર્યાદાઓ આ મુજબ છે:

1. પ્રસ્તુત અભ્યાસમાં મર્યાદિત નિદર્શ પર અભ્યાસ કરેલો હોવાથી અભ્યાસના તારણો સમષ્ટિને લાગુ પાડી શકાય નહીં.
2. પ્રસ્તુત અભ્યાસમાં સામાજિક-આર્થિક દરજ્જો, ધર્મ, જ્ઞાતિ વગેરે જેવા પરિબળોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.
3. અભ્યાસમાં સમાવિષ્ટ નિદર્શ માત્ર સુરત જિલ્લામાંથી જ લેવામાં આવેલ છે તેથી સમગ્ર સમષ્ટિ ઉપર આ પરિણામ લાગુ પાડી શકાય નહીં.

❖ **સંદર્ભ ગ્રંથ :**


- ઢીલા બી.ડી. (2019) મનોવિજ્ઞાન, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ p.375
- દેસાઇ કૃષ્ણકાંત (2013), મનોવૈજ્ઞાનિક માપન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ p.504
- પટેલ સૈમીનકુમાર (2015) એ ધોરણ 10 ના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ VOL.3, ISSUE 6 જુન 2015
- પંચાલ દિનેશ (2020), મનોવિજ્ઞાન પાઠ્યપુસ્તક ધોરણ 11, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ p.103
- Gogai Minaram (2023), Study of academic stress happiness in relation to academic achievement motivation of secondary school Rajiv Gandhi University
- Sharma T.R. (1998), National Psychological Corporation, Agra